

ઘણાં એમ માને છે કે ઉપાદાનમાં યોગ્યતા તો અનેક પ્રકારની છે પણ જેવું નિમિત્ત મળે તેવું કાર્ય થાય છે. જો એમ હોય તો તો નિમિત્તથી જ કાર્ય થયું ગણાય, તેમાં જીવે (-ઉપાદાને) શું કર્યું !....પણ એમ નથી ભાઈ ! વસ્તુમાં એક સમયની પર્યાયમાં એક જ પ્રકારની યોગ્યતા હોય છે અને તે પ્રમાણે કાર્ય થાય છે, નિમિત્તથી કાર્ય થતું નથી.

*—કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ [૭૪૧] * **આત્મધર્મ** * [અંક-૧ વર્ષ-૬૨] વીર સં. ૨૫૩૧ જુલાઈ-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જબ યહ પ્રાણી મોહકી સંગતિસે ઉન્મત્ત હોકર ઇન્દ્રિયોંકે આધીન આચરણ કરતા હૈ તબ યહ આત્મા હી અપને લિયે દુઃખોંકા કારણ હોતા હુઆ તેરા શત્રુ હો જાતા હૈ. ૮૭૮. *(શ્રી કુલધર આચાર્ય, સારસમ્મુચય-ટીકા, શ્લોક-૮૦)*

❀ હે શિષ્ય! જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોનેપર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે, નષ્ટ હો જાતે હૈં. ઈસ કારણ તૂ ધર્મકો પાલન કર, ધન ઔર અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ? ૮૭૯.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.- ૨, શ્લોક- ૧૩૨)*

❀ જેની બન્ને બાજુ અગ્નિ સળગી રહી છે એવી એરંડની લાકડીની વચ્ચે ભરાયેલો કીડો જેમ અતિશય ખેદખિન્ન થાય છે તેમ આ શરીરરૂપ એરંડની લાકડીમાં ફસાયેલો જીવ જન્મ-મરણ આદિ દુઃખોથી નિરંતર ખેદખિન્ન થાય છે. એરંડની લાકડીમાં ફસાયેલો કીડો નાશી-ભાગીને ક્યાં જાય? કારણ કે બન્ને તરફ અગ્નિ સળગી રહી છે. હે ભાઈ! આ શરીરની પણ એ જ દશા જાણીને તેનાથી તું મમત્વ છોડ કે જેથી એ એરંડની લાકડીના કરતાં પણ અનંત દુઃખના કારણભૂત એવું શરીર જ ધારણ કરવું ન પડે. શરીર ઉપરનો અનુરાગ જ નવા નવા શરીર ધારણનું કારણ છે એમ જાણી પૂર્વ મહાપુરુષોએ એ શરીરથી સર્વથા સ્નેહ છોડ્યો હતો. ૮૮૦.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા- ૬૩)*

❀ મનોહર પદાર્થના વિષયમાં પણ કાંઈક નિયમિત (મર્યાદિત) જ પ્રીત ઉત્પન્ન થાય છે. પરંતુ પરમાત્માના દર્શન થતાં સર્વ પ્રકારની પ્રીતિ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. ૮૮૧.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક- ૫૬)*

❀ અરેરે! લોકો સર્પને દેખીને દૂર ભાગે છે, તેમને તો કોઈ કાંઈ કહેતું નથી; પણ જે કુગુરુરૂપી સર્પને છોડે છે તેને મૂઢજનો દુષ્ટ કહે છે!—એ અત્યંત ખેદ છે. ૮૮૨. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત-રત્નમાળા, ગાથા- ૩૬,*
*—મોક્ષમાર્ગપ્રકાશકમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું- ૧૮૨)*

❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૧
[૭૪૧]

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
July
A.D. 2005





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પરને જાણે છે એમ કહે છે તે પોતાના અસ્તિત્વને જાણતો નથી

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પંદરમી વખતના પ્રવચનસારમાંથી ]

[તા. ૨૫-૬-૬૮]

છ દ્રવ્ય જણાય છે—એમ નહીં, છ દ્રવ્ય સંબંધી જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણવાપણે થઈ તેમાં પરજ્ઞેય જણાયા? ના. છ દ્રવ્યને જાણવાપણે પોતાની પર્યાય પરિણમી છે તેને જ્ઞાન જાણે છે. પરને કરવાનું તો રહ્યું નહીં, પરથી પોતામાં કાંઈ થવાપણું રહ્યું નહીં અને પરને જાણવાનું પણ રહ્યું નહીં! આત્મા પરને કરે કે રાગને કરે એવું તો એનું સ્વરૂપ છે જ નહીં પણ પરને જાણે છે એવું પણ એનામાં નથી!

બે-પાંચ લાખનું ફર્નિચર હોય ને તને જણાય છે કે જ્ઞાનની પર્યાય જણાય છે? તે વખતના તારા જ્ઞાનના પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? તારા અસ્તિત્વનું જ્ઞાન છે. આ જ્ઞાન તે જ હું છું એમ જ્ઞાન એને જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે, તેના બદલે પરને જાણે છે એમ કહે છે તે પોતાના અસ્તિત્વને જાણતો નથી માટે તેની દૃષ્ટિ મિથ્યા થઈ.

આ, શ્રી સમયસાર શાસ્ત્રનું પરિશિષ્ટ છે, તેમાં ૨૭૧ કળશનો અર્થ થઈ ગયો છે, ભાવાર્થ લેવાનો છે.

ભાવાર્થ :—જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે : બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જાણવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્રભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા—એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. આવો 'જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર જ્ઞાની પુરુષ અનુભવે છે.

ભાવાર્થમાં શું કહે છે? કે—જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. આ આત્મા જાણવાનું કામ કરે છે તે કાંઈ પર જ્ઞેય છે માટે જાણે છે એમ નથી અને પરજ્ઞેયને જાણે છે માટે આત્મા જાણનાર છે એમ પણ નથી. જાણવાની પર્યાયમાં છ દ્રવ્ય જણાયા તે છ દ્રવ્યનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયરૂપ છે. તે પર્યાય છ દ્રવ્યના આકારે ભલે કહેવાય પણ છે તો એ જ્ઞાનની જ પર્યાય. છ દ્રવ્ય જણાય છે—એમ નહિ. છ દ્રવ્ય સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. એ જ્ઞાન પોતે જ્ઞેય છે, પોતે જ્ઞાન છે અને પોતે જ જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે.

સૂક્ષ્મ વાત છે થોડી....છેલ્લા શ્લોકો છે ને!

ધર્મની દૃષ્ટિવંતને 'જ્ઞાન જુદી ચીજ છે, જ્ઞેય જુદી ચીજ છે અને જ્ઞાતા જુદી ચીજ છે' એમ ભાસતું નથી—એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માની જ્ઞાનક્રિયા જાણવાની અવસ્થારૂપ છે તે જ્ઞાનસ્વરૂપ છે, પરને જાણે છે માટે તે જ્ઞેયસ્વરૂપ છે—એમ નથી. વળી તે પોતે જ જ્ઞેયસ્વરૂપ છે. જાણનક્રિયા પોતે જ પોતાનું જ્ઞેય છે. બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. જાણવાની પર્યાયમાં બાહ્યજ્ઞેયો જેવા સ્વરૂપે છે તેવું સ્વરૂપ જણાય છે છતાં બાહ્યજ્ઞેયો આ જ્ઞાનપર્યાયથી તદ્દન જુદાં છે.

આ શરીર, વાણી, મન આદિ જ્ઞાનની પર્યાયમાં જણાય છે તો શું એ જ્ઞેય જણાય છે? 'ના.' એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની જાણનક્રિયા જ પોતે પોતાને જાણે છે. પોતે જ અભેદવસ્તુ છે. બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. શરીર રાગ, ધર્મ, અધર્મ, આકાશ આદિ બાહ્ય પદાર્થો જાણવામાં આવ્યા છે?......'ના.' એ સંબંધીનું જ્ઞાન પોતાપણે થયું છે

તે પોતે જ્ઞેય છે અને પોતાને જાણે છે; પરજ્ઞેય તો જુદાં રહી ગયા છે. આ લાદી આદિ જણાય છે? તો કહે છે 'ના'...લાદીને જાણવાની પર્યાય થઈ તે લાદીના કારણે થઈ નથી અને લાદી તેમાં જણાતી નથી. અહીં તો જ્ઞાનની પર્યાય જણાય છે, લાદી નહિ.

જેમ, અરીસાની અવસ્થા જુઓ તો તેમાં સામે પડેલી કેરી, નાળિયેર, કોલસા આદિ જણાય છે તો અરીસાની અવસ્થા કેરી આદિરૂપે થઈ છે—એમ નથી. અરીસાની પોતાની સ્વચ્છતારૂપ અવસ્થા છે. અરીસામાં જે ચીજ દેખાય છે તે ચીજ અરીસામાં નથી, ચીજ તો અરીસાથી જુદી છે અને અરીસાની અવસ્થા તે ચીજથી જુદી છે. તેમ, આ ચૈતન્ય-અરીસાની જ્ઞાનની વર્તમાન અવસ્થા પરજ્ઞેયને જાણવારૂપે પરિણમે છે તે અવસ્થા તો પોતાની છે તેને જ્ઞાન જાણે છે, પરજ્ઞેયને નહીં. પરજ્ઞેયો તો બહાર રહી જાય છે.

આ ધીરધારનો ધંધો કરો છો તે જ્ઞાનમાં જણાય છે? ના. શેરબજારમાં લે-વેચની ઝપટ બોલે છે તે બધા જ્ઞેયો જ્ઞાનની પર્યાયથી જુદી ચીજ છે છતાં જ્ઞાનની પર્યાય તેને જાણવારૂપે પરિણમી છે તે પોતાની જ્ઞાનની દશા છે તેને જ્ઞાન જાણે છે, પરજ્ઞેયને નહિ.

જુઓ, આ વીતરાગનો માર્ગ! વસ્તુનું સ્વરૂપ એવું છે. તારા જ્ઞાનની પર્યાય પરિણમે છે તે જ્ઞેયને લઈને નથી. ખરેખર જ્ઞેયને જાણનારી પર્યાય જ્ઞેયરૂપે નથી-જ્ઞેય તો જ્ઞાનથી જુદાં રહી ગયા છે બાપુ! તારા જ્ઞાનપર્યાયનો ધર્મ તારાથી થયો તે તને જણાય છે, પરવસ્તુ નહિ. પણ આ રાગને જ્ઞાન જાણે છે ને? ના. રાગ સંબંધીના જ્ઞાનપણે પરિણમેલી પોતાની જ્ઞાનપર્યાય—જ્ઞાનનો કલ્લોલ ઊઠે છે તેને જ્ઞાન જાણે છે.

લ્યો! આમાં પરને કરવાનું તો રહ્યું નહિ! પરથી પોતામાં કાંઈ થવાપણું રહ્યું નહિ અને પરને જાણવાનું પણ રહ્યું નહિ! આત્મા પરને કરે કે રાગને કરે એવું તો એનું સ્વરૂપ છે જ નહિ, પણ પરને જાણે છે એવું પણ એનામાં નથી. સમજાય છે આમાં કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત-વસ્તુ પરમાં ફેરફાર કરે એ તો વાત છે જ નહિ પણ પરને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. કેમ કે પરસંબંધીના જ્ઞાનની પર્યાય પોતે પોતાના કલ્લોલપણે જ પરિણમી છે, તેને જ્ઞાન જાણે છે. જ્ઞાનના તરંગો છે તે જ્ઞાનના કલ્લોલ છે, જ્ઞેયના કલ્લોલ નથી. છ દ્રવ્યને જાણવારૂપે જ્ઞાન પરિણમ્યું તે જ્ઞાનની પરિણતિ છે કે પરની છે? પોતાના હોવાપણામાં જ્ઞાનની પરિણતિ થઈ છે, પોતાના હોવાપણામાં જ્ઞેયની પરિણતિ થઈ નથી.

અહો! વીતરાગમારગ કોઈ જુદો છે.

અહીં તો કહે છે કે જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણવાપણે થઈ તેમાં પરજ્ઞેય જણાયા? પરજ્ઞેયને લઈને તે પર્યાય થઈ? ના. છ દ્રવ્યને જાણવાપણે પોતાની પર્યાય પરિણમી છે તેને જ્ઞાન જાણે છે એમ ધર્મી જાણે છે. હું પરને કરું છું ને પરને જાણું છું એમ નથી. હું છ દ્રવ્યને જાણનારી મારી જ્ઞાનની પર્યાય પરિણમે છે તેને જાણું છું એમ ધર્મી જાણે છે.

બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે : એક—બાહ્યજ્ઞેયો તો જ્ઞાનથી જુદાં છે. બીજી વાત—જ્ઞેયો જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞેયને જાણ્યાં એમ કહેવું તે વ્યવહાર છે. જેમ, અરીસામાં સામી ચીજ ઝલકતાં અરીસાની વ્યવસ્થા પરના આકારે થઈ એમ કહેવું તે વ્યવહાર છે. અરીસાની તો પોતાની સ્વચ્છતા છે તેમ, પરને જાણવાપણે પોતાની સ્વચ્છ અવસ્થા થાય છે તે પોતાના અસ્તિત્વમાં થતી પોતાની અવસ્થા છે, તેમાં પરજ્ઞેય આવ્યાં નથી તો પરને જાણ્યાં એમ ક્યાંથી આવ્યું! પોતાની જ્ઞાનપર્યાયને પોતે જાણી તેમાં જ્ઞેયો આવ્યા છે? ના. માટે જ્ઞેયો જ્ઞાનમાં આવે છે એમ માનનારા જ્ઞાનની અવસ્થા પોતાના અસ્તિત્વમાં પોતાથી પરિણમે છે એમ માનતાં નથી. જ્ઞેયો જ્ઞાનમાં આવે છે એમ માનનારા પોતાની જ્ઞાનની નિર્મળ સ્વચ્છ અવસ્થા આવડી મોટી છે તેને જ હું જાણનાર છું એમ ન માનતાં, પરના અસ્તિત્વને લઈને મને જ્ઞાન થયું એમ માનનારને સ્વના અસ્તિત્વની મહત્તાની ખબર નથી.

ગંભીરચંદજી! આ બહુ ગંભીર વાત છે.

ભગવાન! તું કોણ છો? તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે એમ કહેવું તે તો વ્યવહાર થઈ ગયો. કારણ કે અહીં છ દ્રવ્ય જણાતાં નથી.

છ દ્રવ્યના જ્ઞાનનું પરિણમન પોતાના જ્ઞાનના કલ્લોલમાં થયું તે તો પોતાના અસ્તિત્વમાં જ્ઞાનની પર્યાયનું પરિણમન થયું છે; છ દ્રવ્યનું પરિણમન અહીં આવ્યું નથી. તારા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એવડું મોટું છે કે તે જ્ઞેયને લઈને નહિ. અહીં તો એના સંબંધીના પોતાના જ્ઞાનનું અસ્તિત્વ છે.

છ દ્રવ્યને જાણે એવી જે પોતાની જ્ઞાનની પર્યાય છે તેને જ પોતે જાણે છે માટે તેમાં રાગ–દ્વેષ કરવાનું કાંઈ રહેતું નથી. એમાં રાગ–દ્વેષ છે જ નહિ. જુઓ! આ વીતરાગે કહેલું તત્ત્વ સર્વજ્ઞતાથી સિદ્ધ થયેલું છે એ વાત વીતરાગ સિવાય ત્રણકાળ ત્રણલોકમાં બીજે ક્યાંય હોય નહિ.

એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણવાપણે પરિણમ્યો તે શું એને જાણવા માટે

પરિણમ્યો છે? પોતાની જ્ઞાનની પર્યાય જ એવડી મોટી છે તેને પોતે જાણે છે. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા એટલે જ્ઞાનમાં કાંઈ આવી જતું નથી પણ બતાવે છે કે જ્ઞાનનો પર્યાય સાકાર એવો થાય છે કે જેવી પરચીજ છે એવા જ્ઞાનરૂપે પરિણમવાનું પોતાની પર્યાયનું અસ્તિત્વ પોતાના સ્વભાવથી પોતાના કારણે થાય છે.

જ્ઞેયોની જે સ્થિતિ છે તે જ્ઞાનમાં જણાતાં-જ્ઞાનમાં પરિણમતાં, જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે એટલે છ દ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાય જ્ઞાનમાં આવી ગયા હોય એમ દેખાય છે પણ એમ નથી. પરંતુ એ તો જ્ઞાનના પોતાના કલ્લોલો છે. અહાહા....! કેટલી સૂક્ષ્મતા અને કેટલી વાસ્તવિકતા? અને કેટલાં અસ્તિત્વની મહત્તા!! એ મહત્તા ભાસતી નથી અને પરની મહત્તા ભાસે છે કે પરને લઈને હું જાણું છું. ભાઈ! તારી પર્યાયની મહત્તાની તને ખબર નથી.

આવડું મોટું જણાય છે તે સામે આવડા મોટા જ્ઞેયો છે માટે જણાય છે? કે આવડા મોટા જ્ઞેયોના પરિણમનને હું જાણું છું? કે-ના. એવડાં મોટાને જાણનારી મારી જ્ઞાનપર્યાય કલ્લોલરૂપે પરિણમી છે તેને હું જાણું છું. સમજાણું કાંઈ? આચાર્યદેવ અનંતશક્તિને બતાવતાં બતાવતાં ક્યાં લાવ્યા? અનંતશક્તિમાંથી એકરૂપ વસ્તુને લાવ્યાં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચારમાંથી એકમાં લાવ્યાં. ત્રણ ભેદમાંથી એક અભેદમાં લાવ્યાં કે જાણનારો પણ હું, જ્ઞાન વડે જાણું પણ હું અને જણાય તે પણ હું! ત્રણેયમાં હું નો હું છું.

બનારસીદાસજીએ દાખલો આપ્યો હતો કે શબ્દને સરસ્વતી કહો તોપણ ઈ છે અને તેમાં ભરેલો અર્થ કહો તોપણ ઈ છે, ભાવાર્થ પણ એ જ છે. તેમ આત્મા છ દ્રવ્યને જાણવાની પર્યાયપણે પરિણમે છે તે પોતે જ છે, પોતે જ જ્ઞેય છે.

> સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચનભેદ ભ્રમ ભારી,
> જ્ઞેયશક્તિ દ્વિવિધા પરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી.

નિજ તે નિજ છે અને પર તે પર છે પણ પરજ્ઞેય સંબંધીની જ્ઞાનની પર્યાયનું કલ્લોલરૂપ પરિણમન મારું મારા અસ્તિત્વમાં મારા લઈને છે, તેને જાણવું તે 'જ્ઞાન' છે. રાગનું જાણવું થાય છે તે પણ રાગના કારણે નહિ, જ્ઞાનની પર્યાય જ એવી જાતની થઈ છે તેને જ્ઞાન જાણે છે, રાગને નહિ.

જ્ઞેયોના આકારનો પ્રકાર અને તેનો ભાવ જ્ઞાનમાં જણાતાં જે કલ્લોલ થાય છે તે જ્ઞાનની પોતાની જ અવસ્થા છે. જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે, જ્ઞેયો નહિ. સમજાણું? પાંચ-દશ લાખનો બંગલો હોય અને તેમાં બીજા બે-પાંચ લાખનું ફર્નિચર હોય

તે તને જણાય છે કે જ્ઞાનની પર્યાય જણાય છે? તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? તે વખતના તારા જ્ઞાનના પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે?—તારા અસ્તિત્વનું જ્ઞાન છે. આ જ્ઞાન તે જ હું છું એમ જ્ઞાન એને જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.

કેવી વાત કરી છે! આવી વાત ક્યાંય નથી. વસ્તુસ્થિતિની હદ આવડી છે–મર્યાદા આવડી છે.

ભગવાન આત્મા પોતે પોતાથી જાણવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. પોતાનો જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. જણાવનાર પોતે, જણાય પોતે અને જાણનાર પોતે છે. જ્ઞાન દ્વારા જણાય છે પોતે, જ્ઞેય પણ પોતે અને જ્ઞાતા પણ પોતે છે. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા ત્રણમાં કોઈ બીજી ચીજ નથી. એક પોતે જ છે. પર જણાય અને આત્મા જાણનારો—એમ નથી—એમ કહે છે.

વસ્તુનું હોવાપણું પરને લઈને નથી. જ્ઞાનની પર્યાય જ્ઞેયરૂપે પરિણમી છે એવડું પોતાનું અસ્તિત્વ છે, તેને ઠેકાણે પરને જાણે છે એમ કહે છે તે પોતાના અસ્તિત્વને જાણતો નથી, માટે તેની દૃષ્ટિ મિથ્યા થઈ.

આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા—એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. સામાન્ય એટલે ધ્રુવ અને જાણવાની પર્યાય તે વિશેષ એ બધું પોતે છે. આવો જ્ઞાનમાત્ર જ્ઞાયકભાવ તે હું છું એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.

ધર્મીપુરુષ આમ અનુભવે છે કે જ્ઞાન દ્વારા જણાય તે હું છું. જ્ઞાન તે હું છું અને જાણનારો પણ હું છું. જાણનારો હું અને જણાય પર અને પર દ્વારા હું જાણું એવું મારું સ્વરૂપ નથી. જ્ઞેય દ્વારા જ્ઞાન જણાય–એમ નથી, જ્ઞાન દ્વારા જ્ઞાન જણાય છે. આ પુસ્તક જ્ઞેય છે એ દ્વારા જ્ઞાન જણાય–એમ નથી. વીતરાગની વાણી પરજ્ઞેય છે તેને જ્ઞાન જાણે છે માટે જ્ઞાન વાણીને જાણે છે—એમ નથી. પોતાનો જ્ઞાનપર્યાય એવો પોતાથી એવડો પરિણમ્યો છે તેને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે અને જ્ઞાતા પણ પોતે છે. આમ, કર્તા પોતે, કરણ જે જ્ઞાન તે પણ પોતે અને જ્ઞેય પણ પોતે છે. વસ્તુ એની એ છે એમ કહે છે.

(અનુસંધાન માટે જુઓ પાનુ-૧૪)

# નિજ આત્મા જ મહા તીર્થ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૮૪ ગાથા થઈ. હવે ૮૫ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે વીતરાગ-સ્વસંવેદનજ્ઞાન રહિત જીવોને તીર્થભ્રમણ કરવાથી પણ મોક્ષ નથી.

તીર્થ કોને કહેવાય?—કે જે તીર્થમાં સ્નાન કરવાથી ધર્માત્માને અપવિત્રતાનો નાશ થાય છે અને પવિત્રતાની પ્રાપ્તિ થાય છે તેને તીર્થ કહેવાય છે.

શુદ્ધસ્વરૂપ આત્માની દૃષ્ટિ થયા પછી તેમાં સ્થિર ન રહી શકવાથી અશુભથી બચવા ધર્મીને તીર્થયાત્રા આદિનો શુભભાવ આવે છે પણ તે શુભભાવથી બંધનો નાશ થતો નથી માટે, તીર્થયાત્રાથી બંધનું નિરાકરણ થતું નથી. આત્મ-અનુભવ વિના તીર્થયાત્રા કરે અને જો તેને એવો અભિપ્રાય રહી જાય કે તીર્થયાત્રાથી મારું કલ્યાણ થઈ જશે તો એને તો પાપાનુબંધી પુણ્ય બંધાય છે, માટે આચાર્યદેવ કહે છે કે ભાઈ! પોતાના આત્મારૂપી તીર્થના ભાન વિના એકલાં બાહ્યતીર્થમાં ભમીને પોતાનું હિત માનવું એ તો એકલી ભ્રમણા છે.

तित्थईं तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।
णाण–विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ ॥८५॥

અર્થ :—તીર્થ-તીર્થ પ્રતિ ભ્રમણ કરવાવાળા મૂર્ખોને મુક્તિ થતી નથી. કારણ કે હે જીવ! જે જ્ઞાનરહિત છે તે મુનીશ્વર નથી, સંસારી છે. મુનીશ્વર તો તેઓ જ છે કે જે સમસ્ત વિકલ્પજાળોથી રહિત થઈને પોતાના સ્વરૂપમાં રમે; તેઓ જ મોક્ષ પામે છે.

જેને ચિદાનંદસ્વરૂપ આત્માની અંતરદૃષ્ટિ નથી તે ધર્મી નથી-મુનિવર નથી-ચારિત્રવંત નથી. તે તીર્થોમાં ભમે તેથી કાંઈ તેની મુક્તિ થઈ જતી નથી. મૂળ તો જીવોને અંદરમાં આત્માના સ્વરૂપની કિંમત નથી. શરીર અને તેની ક્રિયાની કિંમત છે, બહુ તો અંદરમાં શુભભાવ થાય તેની કિંમત છે પણ એ તો આત્માના નિજસ્વભાવથી વિરુદ્ધભાવ છે. શુભભાવ હો કે અશુભભાવ હો બંને ભાવ આત્માના સ્વભાવથી વિપરીત છે માટે, આત્માના ભાન વિના શુભભાવથી તીર્થ-તીર્થમાં ભમીને મુક્તિ થશે એમ માને છે એ તો મૂઢ છે. તો મુક્તિ કોની થાય છે? જે સમસ્ત વિકલ્પથી રહિત થઈને સ્વરૂપમાં ઠરે છે

તેવા મુનિવરોની જ મુક્તિ થાય છે. આમ બે નાસ્તિમાંથી અસ્તિ કાઢી છે કે તીર્થમાં ભ્રમણથી નહિ, જ્ઞાનરહિતપણે નહિ પણ આત્મજ્ઞાનસહિત મુનિને મુક્તિ પ્રાપ્તિ થાય છે. માટે પરમાર્થતીર્થ તો એ છે કે જેમાં એકાગ્ર થવાથી અશાંતિ ટળે અને નિર્દોષ શાંતિ મળે છે; તે કહે છે.

ભાવાર્થ :—નિર્દોષ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન થતું જે વીતરાગ પરમ આનંદરૂપ નિર્મળ જળ–તેને ધારણ કરવાવાળા અને જ્ઞાન–દર્શનાદિગુણોના સમૂહરૂપી ચંદનાદિ વૃક્ષોના વનથી શોભિત તથા દેવેન્દ્ર ચક્રવર્તી ગણધરાદિ ભવ્યજીવરૂપી તીર્થ-યાત્રીઓના કાનોને સુખકારી એવી દિવ્યધ્વનિથી શોભાયમાન અને અનેક મુનિજનરૂપી રાજહંસોથી લઈને અનેક પ્રકારના પક્ષીઓના શબ્દોથી મહામનોહર જે અરહંત વીતરાગ સર્વજ્ઞદેવ જ નિશ્ચયથી પરમતીર્થ છે. તેમના સમાન અન્ય તીર્થ નથી. તેઓ જ સંસારના તરવામાં કારણ પરમતીર્થ છે. જે પરમસમાધિમાં લીન મહામુનિ છે તેમના તીર્થ સર્વજ્ઞદેવ જ છે. નિશ્ચયથી નિજ શુદ્ધાત્મતત્ત્વના ધ્યાન જેવું બીજું કોઈ તીર્થ નથી અને વ્યવહારનયથી તીર્થંકર પરમદેવાદિના ગુણસ્મરણના કારણ—મુખ્યતાથી શુભબંધના કારણ—એવા જે કૈલાશ, સમ્મેદશિખર આદિ નિર્વાણસ્થાન છે તે પણ વ્યવહારમાત્ર તીર્થ કહ્યાં છે. જે તીર્થ-તીર્થ પ્રતિ ભ્રમણ કરે અને નિજ તીર્થના શ્રદ્ધા–જ્ઞાન અને આચરણ નથી તેઓ અજ્ઞાની છે તેમને તીર્થભ્રમણથી મોક્ષ થતો નથી.

અહીં સર્વજ્ઞ પરમાત્માને 'તીર્થ'ની ઉપમા આપી છે અને 'આત્મા' સર્વજ્ઞ પરમાત્મા જેવો જ છે માટે તે જ પરમાર્થતીર્થ છે એવો આ સંસ્કૃતભાવાર્થનો આશય છે. નિશ્ચયતીર્થ બતાવીને વ્યવહારતીર્થમાં જવાનો ભાવ જ ન આવે એમ ન સમજવું. તીર્થવંદનાનો ભાવ જ ન આવે એમ નથી અને તીર્થવંદનાથી જ કોઈ કલ્યાણ માની લે તો એમ પણ નથી.

આચાર્યદેવે અહીં આત્માને કેવળીના આત્મા સાથે નહિ પણ તીર્થંકરની સાથે સરખાવ્યો છે, તીર્થંકર જેવો નિજ શુદ્ધાત્મા જ પરમતીર્થ છે. તીર્થંકર પરમાત્મા કેવા છે? કે જેમને અનંત આનંદરૂપ જળનો પ્રવાહ વહે છે. આત્મા એકલા પવિત્ર શાંતરસનો ડુંગર છે. તેમાં શુભાશુભભાવરૂપ દોષનો અભાવ છે માટે આત્મા નિર્દોષ પરમાત્મા છે. તેની ભાવના એટલે એકાગ્રતા કરવાથી પરમાત્માને અનંત આનંદના પૂરનો પ્રવાહ વહે છે. નિજ શુદ્ધાત્મા–ચિદ્પિંડ–આનંદપર્વતમાં એકાગ્ર થવાથી વીતરાગ પરમાનંદરૂપ નિર્મળજળનો પ્રવાહ વહે છે.

જેમ કોલ્હાપુરી ગોળ એકલી મીઠાશથી ભરેલો છે તેના રવામાં જ્યાં ચપ્પુ નાંખો

ત્યાં બધે એકલું ગળપણ જ રહેલું છે, તેમાં ક્યાંય ઝેર નથી કે પાણી પણ નથી. તેમ, આ આત્મા કેવળજ્ઞાનાનંદનો ભરેલો રવો છે, તેમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય આનંદનું પૂર આવે છે–'ઝરણું ઝરે છે' એવો શબ્દ ટીકામાં છે.

સર્વજ્ઞ પરમાત્માને અતીન્દ્રિય આનંદ કેવો છે અને ક્યાં કારણે થયો છે એ પણ બતાવીને આત્મા એવો છે એમ અહીં કહેશે. સર્વજ્ઞ સમાન નિજ આત્માની સમ્યક્ દૃષ્ટિપૂર્વક તેમાં એકાગ્ર થવાથી નિર્મળ આનંદના ઝરણાં ઝરે છે. આવા રાગરહિત નિર્મળ જ્ઞાનજળમાં ધર્માત્મા સ્નાન કરે છે અને મુક્તિ પામે છે માટે તેને તીર્થ કહેવાય છે.

સંસારના સુખ તો ઝેર જેવા છે, એ સુખ નહિ પણ દુઃખ જ છે–જૂઠા આનંદ છે અને આત્માનો આનંદ તો સુંદર એટલે સાચો આનંદ છે–યથાર્થ આનંદ છે પણ લોકોને આત્માની કિંમત નથી આવતી. જગતના પદાર્થોની કિંમત આવે છે અને એથી આગળ વધે તો શુભભાવ સારા આવી ગયા હોય એની કિંમત આવે છે.

અહીં તો યોગીન્દુદેવ કહે છે કે ભગવાન! તારો આત્મા નિર્દોષ અતીન્દ્રિય આનંદનું પૂર છે. સર્વજ્ઞ વીતરાગદેવ આવા નિજાત્મામાં એકાગ્ર થયા છે તેથી તેમને પર્યાયમાં આનંદનું પૂર વહે છે તેને તીર્થંકરપ્રભુએ ધારણ કર્યો છે અને જ્ઞાન–દર્શન, આનંદ, પ્રભુતા, સ્વચ્છતા, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ આદિ અનંત ગુણરૂપ ચંદનના વૃક્ષથી તીર્થંકરરૂપી તીર્થ શોભે છે. લોકો બંગલો બનાવે છે અને સાથે બગીચા વડે તેની શોભા કરે છે ને! તેમ, તીર્થંકરરૂપી તીર્થ આવા ગુણરૂપ વૃક્ષોથી શોભે છે. જ્ઞાન–દર્શનાદિ ગુણોને અહીં ચંદનવૃક્ષની ઉપમા આપી છે.

તીર્થંકર ભગવાનરૂપી તીર્થમાં સ્નાન કરવા કોણ કોણ આવે છે?—કે અર્ધલોકના સ્વામી એવા દેવેન્દ્ર, છ ખંડના સ્વામી ચક્રવર્તી, ચારજ્ઞાનના ધણી ગણધરદેવ આદિ ભવ્યજીવો આ તીર્થની યાત્રા કરવા નીકળેલા તીર્થયાત્રીઓ છે. તેમના માટે ભગવાનની દિવ્યધ્વનિ એવી નીકળે છે કે અરે યાત્રીઓ! તમે આનંદમય છો. અમે અમારા આનંદસરોવરમાં સ્નાન કરીને પવિત્ર થયા છીએ તેમ તમે પણ તમારા નિર્દોષ અતીન્દ્રિય સ્વભાવમાં સ્નાન કરીને પવિત્ર થાઓ! જેને પોતાના આનંદસ્વરૂપમાં દૃષ્ટિ અને અનુભવ કરવાનો ભાવ છે એવા ભવ્ય મનોહરજીવોને તીર્થંકરરૂપી તીર્થની વાણી સુખકારી લાગે છે. ભગવાનની વાણીમાં આવે છે કે પ્રભુ! તમારો આત્મા આનંદથી છલોછલ ભરેલો છે તેમાં જરાય કમી નથી. સોળઆના–પૂરેપૂરો આનંદ ભર્યો પડ્યો છે.......આવી વાણીથી આ તીર્થ શોભાયમાન છે, તેમાં અનેક મુનિજનરૂપી રાજહંસો વસે છે. જેમ હંસ દૂધ અને પાણી

ભેગાં મળેલાં હોય તેને ચાંચ અડાડીને જુદાં પાડી દે છે તેમ મુનિજનરૂપી રાજહંસો પુણ્ય–પાપરૂપ પાણી અને અતીન્દ્રિય આનંદરૂપી દૂધને જુદાં પાડી દે છે.

વળી જેમ વનમાં હંસ આદિ અનેક પક્ષીઓના મનોહર અવાજ શોભે છે તેમ તીર્થંકરરૂપી તીર્થની સભામાં મુનિઓ વાહ પ્રભુ વાહ! આદિ અદ્‌ભુતભાવથી ભરેલા શબ્દો બોલે છે તેનાથી સભા શોભે છે. ચક્રવર્તી, ગણધરદેવ જેવા પણ આ સમવસરણસભામાં બેઠા હોય છે. મહાવિદેહમાં ભગવાન સીમંધરદેવ અત્યારે બિરાજે છે તે પણ એક તીર્થ છે. સંસારથી તરવા માટે આવા તીર્થંકરભગવંતો જ પરમતીર્થ છે અને દરેકનો આત્મા પણ એવો જ હોવાથી નિશ્ચયથી આત્મા જ તીર્થ છે. બીજા કોઈ ગંગા આદિ લૌકિકમાં તીર્થ કહેવાય છે તે યથાર્થ નથી. શત્રુંજય નદીમાં સ્નાન ન કર્યું હોય તેનો અવતાર નકામો છે એવું કહેવાય છે તે બધું જૂઠું છે. શત્રુંજય નદી તો આ આત્મા છે તેમાં સ્નાન કર ને! પુણ્ય–પાપ વિકાર છે તે આત્માના શત્રુ છે તેના ઉપર જય કરવો તેનું નામ શત્રુંજય છે.

આગળ આવશે કે ગિરનાર, શત્રુંજય, શિખરજી આદિ તીર્થ છે તેની યાત્રાનો શુભભાવ આવે છે ત્યારે જ્ઞાની પણ યાત્રા કરવા જાય છે પણ તે એકલા શુભબંધનું કારણ છે. તેથી, આત્માના દર્શન વિના એકલા આવા શુભભાવથી સંસાર તરાય એવું કદી બનતું નથી. પાંચ–દશ લાખ ખર્ચીને યાત્રા કરવાનો અને કરાવવાનો ભાવ પણ આવે. તે શુભભાવ છે પણ તેનાથી કોઈ એમ માની લે કે જન્મ–મરણનો અભાવ થશે કે સમ્યગ્દર્શન થશે—એ વાતમાં કાંઈ માલ નથી. આપણે પણ શત્રુંજય, ગિરનાર, શિખરજી, બાહુબલીજી વગેરેની યાત્રાઓ બે–બે ત્રણવાર કરી છે પણ તે શુભભાવ છે, ધર્મ નથી. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ વંદેવાસ ગામ છે ત્યાંથી પાંચ મિનિટના રસ્તે પોન્નુરહીલ નામનું ક્ષેત્ર છે કે જ્યાંથી કુંદકુંદઆચાર્ય મહાવિદેહે ગયા હતાં. એ સ્થાનમાં હજાર માણસોના સંઘ સહિત ૭૦ મોટર લઈને આપણે ગયા હતાં. બીજીવાર પણ ત્યાં જઈ આવ્યાં. કુંદકુંદઆચાર્યના પગલાં છે ત્યાં બેસાય એવું મકાન જેવું સોનગઢ સંઘ તરફથી બનાવી દીધું છે. યાદગીરી રહેશે કે અહીં બે વાર સોનગઢનો સંઘ આવ્યો હતો. હજી ત્યાં કાંઈક બનાવવાનો કોઈનો ભાવ છે એમ સાંભળ્યું છે. કુંદકુંદઆચાર્ય ત્યાં ધ્યાનમાં રહેતાં હતાં અને ત્યાંથી સદેહે વિદેહ ગયા હતાં. વિદેહથી આવીને પોન્નુરમાં જ તાડીના વૃક્ષ ઘણા છે તેના સૂકા પત્રો ઉપર આચાર્યદેવે શાસ્ત્રોની રચના કરી હતી. બાજુમાં જ ધવલગિરિ નામનો પહાડ છે ત્યાં ધવલ આદિ ટીકાની રચના થઈ છે. કુંદકુંદઆચાર્યની પહેલાં ગિરનારમાં ધરસેનઆચાર્ય થઈ ગયા કે જેમને કરણાનુયોગ કંઠસ્થ હતો. તેમણે ગિરનારમાં

બે મુનિઓને બોલાવીને બધું જ્ઞાન આપ્યું પછી તેની ષટ્ખંડાગમ–ટીકા પોન્નુરમાં લખાણી છે. એ ધવલગિરી ટેકરી ઉપર અત્યારે જૈનનું કોઈ મંદિર નથી, શિવનું છે.

આમ, તીર્થયાત્રાનો ભાવ તો થાય છે પણ તેની મર્યાદા એટલી છે કે તેનાથી શુભભાવ જ થાય, ધર્મ ન થાય. અશુભભાવથી છૂટવા માટે શુભભાવ આવે પણ તેનાથી જન્મ–મરણ છૂટીને કલ્યાણ થાય એવી વાત નથી.

નિશ્ચયનયથી નિજ શુદ્ધાત્માના ધ્યાન જેવું બીજું કોઈ તીર્થ નથી. મૂળપાઠમાં તો એવું લખ્યું છે કે परमनिश्चयेन तु जिनेश्वरपरमतीर्थसदृशं संसारतरणोपायकारणभूतत्त्वाद्वी तराग-निर्विकल्पसमाधिरतानां निजशुद्धात्म तत्त्वस्मरणमेव तीर्थं......પણ અર્થ બરાબર થયો નથી. જેવું સર્વજ્ઞનું તીર્થ છે એવું જ નિજ આત્માનું તીર્થ છે. નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવું એ જ ખરેખર પરમતીર્થ છે અને વ્યવહારથી સ્વરૂપમાં સ્થિર ન થઈ શકે ત્યારે તીર્થયાત્રા આદિનો ભાવ જ્ઞાનીઓને પણ આવે છે. તીર્થોમાં વીતરાગ સર્વજ્ઞદેવાદિનું સ્મરણ થાય છે જેમ કે ગિરનારની યાત્રા કરતાં અહીં નેમિનાથ ભગવાન બિરાજમાન હતાં, વાસુદેવ અને બળદેવ જેવા તેના ભાઈઓ હતાં એ પણ ભગવાનને વંદન કરતાં હતાં એમ સ્મરણ થાય. શત્રુંજયમાં પાંચપાંડવનું સ્મરણ થાય છે કે અહીં પાંચેય પાંડવ–મુનિઓ ધ્યાન કરતાં હતાં ત્યાં દુર્યોધનના ભાણેજે આવીને મુનિઓને તપાવેલા લોખંડના દાગીના પહેરાવ્યાં હતાં. છતાં ત્રણ મોટા મુનિઓ તો આનંદમાં ઝૂલતાં ઝૂલતાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પામી ગયા. સહદેવ અને નકુલ મુનિને જરાં વિકલ્પ આવી ગયો કે મોટાભાઈઓનું શું થતું હશે? એટલાં વિકલ્પમાત્રમાં સ્વર્ગનું આયુષ્ય બંધાઈ ગયું. દેહ છોડીને સ્વર્ગમાં ગયા, ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષે જશે.

આવા ગુણોના સ્મરણ માટે તીર્થ છે તે, મુખ્યતાથી શુભબંધનું કારણ છે પણ એ સમયે જેટલી અંતરમાં એકાગ્રતા હોય છે તેટલી જ્ઞાનીને શુદ્ધતા વધે છે અને જેટલી બાહ્યમાં એકાગ્રતા થાય છે એટલો શુભબંધ થાય છે. તીર્થોમાં ભગવાનનું સ્મરણ થવાનું વિશેષ કારણ એ છે કે જ્યાંથી ભગવાનનો દેહ છૂટે છે ત્યાં જ બરાબર ઉપર સિદ્ધાલયમાં સિદ્ધપણે રહે છે. પાંડવો શત્રુંજયથી મોક્ષ ગયા છે તો ત્યાં જ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે. શિખરજીથી જે જે તીર્થંકરો આદિ નિર્વાણ પામ્યા છે તે ત્યાં જ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે અને આદિ–અનંતકાળ ત્યાં જ રહેશે. અહાહા! ભગવાન અહીંથી મોક્ષ પામ્યા છે અને અહીં જ આપણાં મસ્તક ઉપર સમશ્રેણીએ બિરાજે છે એવું સ્મરણ તીર્થોમાં થઈ શકે છે. સમશ્રેણી એટલે સીધી લાઇનમાં ત્યાં જ ગમન કરીને ઉપર સિદ્ધાલયમાં સ્થિત થઈ ગયા છે. તેથી જ્ઞાનીઓને

પણ વ્યવહારતીર્થમાં આવું સ્મરણ થતું હોવાથી શુભબંધ થાય છે.

ઋષભદેવ ભગવાન કૈલાસપર્વત ઉપરથી મોક્ષ ગયા છે તો ત્યાં ઉપર બિરાજે છે પણ એ ક્ષેત્ર તો બહુ દૂર છે ત્યાં કોઈ જઈ શકે તેમ નથી. ૨૦ તીર્થંકર આદિ મુનિવરો શિખરજીથી મોક્ષ ગયા છે તો ત્યાં ઉપર સમશ્રેણીએ બિરાજે છે. નેમિનાથ ભગવાન ગિરનાર ઉપર બિરાજે છે. એ રીતે તીર્થો ભગવાનના સ્મરણનું નિમિત્ત થાય છે તેથી વ્યવહારતીર્થ છે અને પરમાર્થતીર્થ તો અંદરમાં શુદ્ધતાથી ભરેલો આત્મા છે તેમાં એકાગ્ર થવું એ જ મહાતીર્થ છે.

પોતાના ભગવાન આત્માની પ્રતીતિ, દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તો ન હોય અને બહારમાં તીર્થ-તીર્થમાં ભમે છે તો એવી તીર્થયાત્રાથી અજ્ઞાનીને મુક્તિ થતી નથી. એકલા પરાશ્રયથી મુક્તિ માનનારા અજ્ઞાનીને તીર્થયાત્રાથી કાંઈ આત્મલાભ થતો નથી.

શ્રોતા :—અહીં શુભભાવના બજારમાં મંદી છે, બીજે તો તેની બહુ તેજી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુભભાવની જેટલી કિંમત છે તેટલી અપાય છે. સાત તત્ત્વમાં શુભ અને અશુભ બંને ભાવ આસ્રવ તત્ત્વમાં સમાય છે. શુભભાવ મંદ-આસ્રવ છે અને અશુભભાવ તીવ્ર-આસ્રવ છે પણ બંને આસ્રવ જ છે. આવી દૃષ્ટિ નથી અને કલ્યાણના હેતુથી તીર્થમાં ભ્રમણ ક  છે તો આચાર્ય કહે છે કે એ અજ્ઞાની છે.

સમયસારની ૪૫ ગાથામાં આઠેય કર્મને આચાર્યદેવે દુઃખરૂપ કહ્યા છે. ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે કે ભાઈ સાંભળ! તને જે શુભાશુભ કર્મનો બંધ પડે છે તે બધાના ફળમાં દુઃખ જ છે. અનાકુળલક્ષણ સ્વભાવથી વિપરીત હોવાથી શુભાશુભ બંને ભાવ અને તેના ફળ આકુળતાલક્ષણ દુઃખમાં જ સમાવેશ પામે છે. જ્યારે જ્ઞાની, મુનિ આદિની સ્થિરતા સ્વભાવમાં ન હોય ત્યારે દૃષ્ટિ સ્વભાવમાં હોવા છતાં શુભાશુભભાવ આવે છે, ન જ આવે એવું નથી પણ તે બંને ભાવ દુઃખમાં જ સમાવેશ પામે છે. પોતાના આનંદસ્વભાવમાં એ ભાવો સમાવેશ પામતાં નથી. આચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞ વીતરાગદેવની દિવ્યધ્વનિમાં આઠેય કર્મને દુઃખદાયક કહેવામાં આવ્યા છે. શુભાશુભ બંને ભાવમાં આત્માનો અતીન્દ્રિય આનંદ બંધનમાં આવી જાય છે માટે દુઃખ જ થાય છે.

જો કે, શુભ અને અશુભભાવ ચૈતન્યની સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ તેઓ આત્માના સ્વભાવ નથી, પુદ્‌ગલકર્મના સ્વભાવ છે. લોકોને આનંદસ્વરૂપ આત્માની રુચિના અભાવે પુણ્ય-પાપની મીઠાશ રુચિમાંથી ખસતી નથી. શુભબંધ તો મીઠા

લાગે છે પણ તેની વાત આવે તેમાં પણ ખુશી થાય છે. ભાઈ! અશુભથી બચવા જ્ઞાનીને પણ શુભભાવ તો આવે છે પણ તેને કાંઈ આદરણીય કે મીઠા લાગતાં નથી. જ્ઞાનીને આદરણીય તો એકમાત્ર ભગવાન આત્મા છે.

જીવોને સત્યની પ્રતીતિ થવી બહુ કઠણ લાગે છે. એને નિજસ્વભાવની મહિમા જ આવતી નથી. સ્વભાવથી બાહ્ય જે કાંઈ ભાવ આવે છે તેની જ કિંમત છે.

અહીં તો એટલે સુધી વાત મૂકી દીધી કે તીર્થંકરનો આત્મા જેવો છે એવો જ તારો આત્મા છે. આત્મામાં કાંઈ ફેર નથી. એવા નિજ આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થવું એ તારું તીર્થ છે, બીજું કોઈ તીર્થ નથી. તરવાનો ઉપાય એક આ જ છે.

જ્ઞાનીને સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનરૂપ 'નિશ્ચયની સાથે વચ્ચે વ્યવહાર' આવે છે પણ, 'પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય'—એમ નથી. કારણ કે મોક્ષમાર્ગમાં નિશ્ચયનયની અપેક્ષા સહિત જ વ્યવહાર હોય છે. કેવળ વ્યવહારનો પક્ષ મોક્ષમાર્ગમાં હોઈ શકતો નથી. આત્માની દૃષ્ટિ અને જ્ઞાનની સાથે મંદકષાયરૂપ વ્યવહાર હોય છે. આટલો ખુલાસો તો જયચંદજી પંડિતે કર્યો છે. નિશ્ચયના ભાન વિના એકલો વ્યવહાર બિલકુલ મોક્ષમાર્ગ કહી શકાતો નથી.

આ ૮૫ ગાથા થઈ. હવે ૮૬મા શું કહે છે? કે જ્ઞાની અને અજ્ઞાની યતિઓમાં બહુ મોટો ભેદ છે. અજ્ઞાનીયતિ સાધુ નામ ધરાવીને શુભાશુભ ક્રિયામાં કલ્યાણ માનીને તેમાં ભટકે છે. જ્યારે જ્ઞાનીયતિ પોતાના સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન અને રમણતામાં જ પોતાનું કલ્યાણ માને છે માટે બાહ્યથી યતિપણું સમાન દેખાતું હોવા છતાં અંતરદૃષ્ટિમાં ઉગમણો-આથમણો ફેર છે એટલે પૂર્વ-પશ્ચિમ જેટલો મોટો ફેર છે.

૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા આત્મજ્ઞાની-ધ્યાની વનવાસી મુનિ યોગીન્દુદેવ તીર્થની વ્યાખ્યા કરીને હવે કહે છે કે જ્ઞાની અને અજ્ઞાની મુનિમાં મોટો ફેર છે.

णाणिहिँ मूढहँ मुणिवरहँ अंतरु होइ महंतु।
देहु वि मिल्लइ णाणियउ जीवहँ भिण्णु मुणंतु ॥८६॥

અર્થ :—સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિઓમાં ભારે મોટો ફેર છે કેમ કે જ્ઞાની મુનિ તો શરીરને પણ જીવથી જુદો જાણીને છોડી દે છે અર્થાત્ શરીરનું પણ મમત્વ છોડી દે છે તો પછી સ્ત્રી, પુત્રાદિનું શું કહેવું? એ તો પ્રત્યક્ષ જુદા છે અને દ્રવ્યલિંગી મુનિ તો બાહ્યવેષમાં પણ આત્મબુદ્ધિ રાખે છે.

જેને એક રાગના કણની પણ કર્તાબુદ્ધિ નથી, દેહની ક્રિયાની પણ કર્તાબુદ્ધિ નથી તેને ભાવલિંગી મુનિ કહેવાય છે. એ મુનિ તો પોતાની શુદ્ધ આનંદસ્વરૂપની પરિણતિના કર્તા છે અને જ્ઞાતા-દ્રષ્ટા છે. તેથી તેમના આત્મામાં જે શુદ્ધ આનંદનું ચિહ્ન પ્રગટ થયું છે તે ભાવલિંગ છે. જ્યારે સ્વરૂપથી બાહ્ય જેની દૃષ્ટિ છે કે શરીર, વાણી, મનની ક્રિયાથી મને લાભ છે, શુભભાવથી મારું કલ્યાણ છે તે બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ છે, યથાર્થ સાધુ નથી.

જુઓ! મુનિ પોતાની વાત કરે છે. સમ્યગ્દર્શનપૂર્વક શુભાશુભરાગની દૃષ્ટિ છોડીને સ્વભાવની પવિત્રતા જેને પ્રગટ થઈ છે એવા મુનિને શુભાશુભભાવ આવે તો છે પણ તેના કર્તા નથી, દેહની ક્રિયા પણ થાય છે તે જડથી જ થાય છે, હું તેનો કર્તા નથી. હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિપૂર્વક નિર્મળ અનુભવનું ચિહ્ન પ્રગટ થયું છે તે સ્વરૂપદૃષ્ટિવંત ભાવલિંગી સાધુ છે-સત્‌સાધુ છે પણ જે દેહની અને રાગની ક્રિયાના કર્તા થાય છે અને અતીન્દ્રિય આનંદનું ચિહ્ન તો જેને પ્રગટ થયું નથી એવા મુનિને ભાવલિંગી મુનિ કહેવાતા નથી. કેમ કે માલ વિનાનો કોથળો શેનો! તેમ, ભાવલિંગ વિના સાચું સાધુપણું કેવું? એ તો માત્ર બાહ્યવેષથી દ્રવ્યલિંગી કહેવાય છે. સાચા મુનિએ તો સ્ત્રી, પુત્ર, પરિવાર, શરીર આદિ બધાનું મમત્વ છોડી દીધું છે તેની વિશેષ વાત આગળ આવશે.

*(ક્રમશઃ)*

---

(પેઈજ-૬થી ચાલુ)

જીવને સુખી થવું છે એમાં આવું સમજવાનું શું કામ છે? ધર્મ કરવો છે તો વ્રત, તપ કરોને! ભાઈ! સાંભળને! તને જે વ્રતનો વિકલ્પ ઊઠે છે અને દેહની ક્રિયા થાય છે તે તારાથી નહિ, તારા અસ્તિત્વથી તો નહિ પણ એના અસ્તિત્વને લઈને તારું જ્ઞાન પરિણમે છે એમ પણ નહિ. તારું જ્ઞાન, તારા કારણે, તે ક્ષણે તે પ્રકારનું પરિણમન કરે તેને આત્મા જ્ઞેય તરીકે જાણે છે. ઝીણું પડે......

'સામાન્ય'—ધ્રુવ અને પરિણમનની ક્રિયા તે 'વિશેષ.' એ બંને જ્ઞેય છે અને જ્ઞાન જે જાણનારી પર્યાય તે બંનેને જાણે છે અને જ્ઞાતા પોતે છે. સમજાણું કે નહિ આમાં? આવો જ્ઞાનમાત્ર ભાવ તે હું છું એમ જ્ઞાની અનુભવે છે. સ્વસન્મુખતામાં આ રીતે સ્વજ્ઞેય પોતે જ્ઞાનથી જાણે અને જ્ઞાતા જાણે, એમાં પર સાથે કાંઈ સંબંધ નથી.

આ ૨૭૧ કળશ થયો.

❀ ❀ ❀

# નિર્વિકલ્પ અનુભવ વિના ધર્મ નથી.

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૦૯)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વારનું ૨૪મુ પદ્ય ચાલે છે.

આત્માનો ધર્મ નિર્વિકલ્પ છે માટે આત્માની દૃષ્ટિ પણ નિર્વિકલ્પ છે. જેણે ચૈતન્યનું શરણ લીધું તેને કોઈ પરદ્રવ્ય કે પરભાવના શરણની જરૂર નથી. જ્યાં પરનું શરણ લીધું છે ત્યાં તો દુઃખ અને આકુળતા છે, સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો અનુભવ રાગના વેદન વિનાનો નિર્વિકલ્પ સુખરૂપ હોય છે.

जामैं लोकवेद नांहि.......લૌકિકમાં જે સુખ-દુઃખની કલ્પના છે તે આત્માના અનુભવમાં નથી. આત્માના અનુભવમાં લૌકિક જ્ઞાન પણ નથી. એકલા ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ છે. थापना उछेद नांहि.....આત્મા આવો છે અને આવો નથી એવો વિધિ અને નિષેધનો વિકલ્પ પણ આત્માના અનુભવમાં હોતો નથી અથવા તો મૂર્તિની સ્થાપના સંબંધી વિધિ-નિષેધ પણ તેમાં નથી એમ બંને અર્થ લઈ શકાય. पाप-पुन्न खेद नांहि......શુભ અને અશુભ બંને ભાવમાં ક્લેશ છે. નિર્વિકલ્પ અનુભવમાં તે બંનેનો અભાવ હોવાથી ક્લેશ નથી.

'અનુભવ રત્ન-ચિંતામણિ, અનુભવ હૈ રસ-કૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.'

અનુભવમાં કોઈ ક્રિયાનું પણ બંધન નથી કે આટલી ક્રિયા કરો તો જ અનુભવ થાય. અનુભવમાં રાગ અને દ્વેષ પણ નથી. રાગ-દ્વેષથી તો આત્મા ભિન્ન પડી ગયો છે તેથી સ્વાનુભવમાં રાગ-દ્વેષનો અનુભવ નથી. નિરાલંબી પરિણતિ છે.

બંધ અને મોક્ષ પર્યાયમાં છે પણ વસ્તુની દૃષ્ટિના અનુભવમાં બંધ અને મોક્ષનો વિકલ્પ નથી. મારે બંધ ટાળવો છે અને મોક્ષ કરવો છે એવો વિકલ્પ પણ અનુભવમાં હોતો નથી. પરમાત્મા મારા સ્વામી છે અને હું સેવક છું એવો ભેદ પણ અનુભવમાં નથી. ન આકાશ છે ન ધરતી છે એટલે કે અનુભવમાં ઊંચ-નીચનો ભેદ પણ નથી. મન અને રાગથી ભિન્ન પડીને સ્વરૂપના અનુભવમાં પડ્યો છે ત્યાં આવા કોઈ ભેદ નથી.

जामैं कुल रीत नांहि.......આપણા કુળનો આ રિવાજ છે માટે આમ કરવું એવું કાંઈ અનુભવમાં નથી. जामैं हार-जीत नांहि.......મારી હાર થઈ કે જીત થઈ એવા કોઈ ભાવનો અનુભવ આત્માના અનુભવમાં હોતો નથી.

સ્થાનકવાસીમાં એમ વાત આવે છે કે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પહેલાં દસ સ્વપ્ન આવ્યા હતાં અને પછી કેવળજ્ઞાન થયું માટે એ લોકો સ્વપ્નને ગુણરૂપ માને છે જ્યારે વેદાંતી સ્વપ્નને દોષરૂપ માને છે, તેથી બંને પક્ષ વચ્ચે એક મહિના સુધી ચર્ચા ચાલી હતી. અરે ભાઈ! સ્વપ્ન તો મનની કલ્પના છે તેનાથી આત્મામાં ગુણ પણ ન થાય અને દોષ પણ ન થાય. ચાર જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી તો સ્વપ્ન તો કેવળજ્ઞાનનું કારણ ક્યાંથી થાય? ચારજ્ઞાનનો અભાવ થાય છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે, કેવળજ્ઞાન તો આત્માના આશ્રયથી પ્રગટ થાય છે. ચારજ્ઞાનથી કેવળજ્ઞાન થતું નથી. મોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. મોક્ષમાર્ગ તો અપૂર્ણદશા છે. તેનાથી પૂર્ણદશા કેવી રીતે થાય? મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષની ઉત્પત્તિ થાય છે.

અંતરના અનુભવમાં આત્મા-ગુરુ અને પર્યાય-શિષ્ય એવો ભેદ પણ રહેતો નથી. ધ્રુવના અનુભવમાં કોઈ વિકલ્પ નથી. वीष नांहि भरनी એટલે અંતરના અનુભવમાં અનુભવ માટે આટલી ગતિ કરવી પડશે કે આટલી સ્થિતિ કરવી પડશે એવું કાંઈ નથી. અનુભવમાં હલન-ચલન નથી. અનુભવમાં કોઈ વર્ણ પણ નથી. એકલા અતીન્દ્રિય આનંદનો અનુભવ છે, તેમાં કોઈનું શરણ પણ નથી. આત્માનું શરણ લીધું ત્યાં તીર્થંકર અને કેવળી આદિનું પણ શરણ નથી. चत्तारि शरणं पवज्जामि આવે છે એ બધી વિકલ્પની કથની છે. ભગવાનને યાદ કર્યા અને પછી અનુભવ થયો માટે ભગવાનના શરણથી અનુભવ થયો-એમ નથી.

આનંદસ્વરૂપ આત્માને અનુભવની નિર્મળ પરિણતિ જૈનમાં જ હોય. બીજે ક્યાંય ન હોય. કેમ કે વસ્તુનું સ્વરૂપ જ જૈન છે. 'જિન સોહી હૈ આતમા........' વીતરાગ પરમાત્મા સિવાય ક્યાંય આ વાત નથી. આત્મા વીતરાગસ્વરૂપ છે અને તેનો અનુભવ એ વીતરાગીદશા છે. એ સિવાય બીજી કોઈ રીતે ધર્મ મનાવે છે તે બધી કલ્પના છે. અન્યમતમાં કલ્પનાથી ધર્મ મનાવ્યો છે.

હવે ૨૫, ૨૬ અને ૨૭મા પદ્યમાં કહે છે કે

જે આત્મસત્તાને જાણતો નથી તે અપરાધી છે.

जाकै घट समता नहीं भमता मगन सदीव।
रमता राम न जानई, सो अपराधी जीव।।२५।।

अपराधी मिथ्यामती, निरदै हिरदै अंध।
परकौं मानैं आतमा, करै करमको बंध॥२६॥

झूठी करनी आचरै, झूठे सुखकी आस।
झूठी भगति हिण धरै, झूठै प्रभूकौ दास॥२७॥

અર્થ :—જેના હૃદયમાં સમતા નથી, જે સદા શરીર આદિ પરપદાર્થમાં મગ્ન રહે છે અને પોતાના આતમરામને જાણતો નથી તે જીવ અપરાધી છે. પોતાના આત્મસ્વરૂપને નહિ જાણનાર અપરાધીજીવ મિથ્યાત્વી છે, પોતાના આત્માનો હિંસક છે. હૃદયનો અંધ છે. તે શરીર આદિ પરપદાર્થોને આત્મા માને છે અને કર્મબંધને વધારે છે. આત્મજ્ઞાન વિના તેનું તપાચરણ મિથ્યા છે, તેની મોક્ષસુખની આશા જૂઠી છે, ઈશ્વરને જાણ્યા વિના ઈશ્વરની ભક્તિ અથવા દાસત્વ મિથ્યા છે.

જ્યાં સમતા એટલે સ્વભાવમાં એકાગ્રતા-વીતરાગતા નથી ત્યાં એકલી મમતા હોય છે. મમતા એટલે શુભાશુભરાગમાં મગ્નતા છે. શરીરની મમતા તો છે અને જે કાંઈ વિકલ્પ ઉઠે છે તેની પણ મમતા છે કે એ જ હું છું. આ મમતાને મિથ્યાત્વ કહેવામાં આવે છે.

रमता राम न जानई પુણ્ય-પાપના રાગ વિનાનો ભગવાન આત્મા પોતાના આનંદમાં રમનારો છે પણ તેનું જેને જ્ઞાન નથી તે જીવ અપરાધી છે. નિજપદમાં રમે તેને જ આત્મરામ કહેવાય. આત્માને તો જાણે નહિ અને રાગમાં રમ્યા કરે છે તે જીવ અપરાધી છે. એ ભલે દયા-દાન-વ્રતાદિની ક્રિયા બરાબર કરતો હોય તો પણ અપરાધી છે-ગુનેગાર છે. વ્યવહારની ક્રિયામાં જ મગ્ન છે તે મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગથી પોતાને લાભ માને છે માટે તે મિથ્યાદૃષ્ટિ-અપરાધી-ગુનેગાર છે. ક્રિયાને અને ઉદયને પોતાના માનનારો અને તે કરતાં કરતાં મારું કલ્યાણ થશે એમ માનનારો માત્ર અપરાધી છે એમ નહિ પણ મિથ્યામતિ છે, તેની દૃષ્ટિ જૂઠી છે. રાગને પાળે છે તે તો મિથ્યામતિ જ છે. રાગ વિનાના શુદ્ધ ચૈતન્યભગવાનને પાળે છે તે નિરાપરાધી ચેતનરામ છે. કોઈ પંડિત ધારાવાહીપણે આત્માની વાત કહી શકતા હોય તેથી એ સાચી દૃષ્ટિવાળા છે એમ નથી. ધારાવાહી અનુભવ કરે તે આત્મા જ્ઞાની છે-નિરાપરાધી છે. ધારાવાહી બોલે એ તો જડ વાણી છે અને ઉપદેશમાં તો વિકલ્પ છે. ઘણાં લોકો રંજિત થઈ જાય માટે એ આતમારામ છે એમ નથી. શુભ-ઉપયોગ કરતાં કરતાં શુદ્ધતા થઈ જશે એમ માનનાર અપરાધી છે, મિથ્યામતી છે અને નિર્દય છે-આત્માની હિંસા કરનાર છે.

પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં આવે છે કે રાગ છે એ જ હિંસા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા શુભરાગમાં પણ આત્માની હિંસા છે. આ તો વીતરાગમારગ છે. અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન આત્માનો સ્વભાવ વીતરાગમય છે તેનો આશ્રય ન લેતાં રાગને આશ્રયે ધર્મ માને છે તે નિર્દય છે, અપરાધી છે. પંચાસ્તિકાય આદિ શાસ્ત્રમાં નિશ્ચય સાધ્ય–સાધન અને વ્યવહાર સાધ્ય–સાધન કહ્યાં છે ત્યાં તો માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર સાધનથી નિશ્ચય સાધ્ય થાય એમ બિલકુલ નથી.

મિથ્યાદૃષ્ટિને બનારસીદાસજીએ કેવા કેવા વિશેષણ આપ્યા છે કે એ નિર્દય છે, અપરાધી છે, મિથ્યામતિ છે અને હૃદયનો આંધળો છે. પરને જ આત્મારૂપ માની માનીને એ કર્મોનો બંધ કરે છે. પરમાં રાગ પણ આવી જાય છે એને પરમાં મમત્વની એવી પક્કડ થઈ ગઈ છે કે તેને ફેરવવી બહુ મુશ્કેલ છે. શુદ્ધચૈતન્યને રાગની અપેક્ષા જ નથી છતાં રાગ હોય તો ધર્મ થાય એમ માનનારા હૃદયથી અંધ છે એટલે કે જ્ઞાન-અંધ છે.

પ્રવચનસારની ૧૭૨ ગાથામાં અલિંગગ્રહણના છટ્ઠા બોલમાં આવે છે કે આત્મા પોતાથી જણાય એવો 'પ્રત્યક્ષ જ્ઞાતા' છે. આત્મા રાગથી જણાય એવો નથી, ઈન્દ્રિયથી જણાય તેવો નથી. ઈન્દ્રિય વડે જાણે તેવો આત્મા નથી. આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય જ નથી. આત્મા એકલા અનુમાનથી પરને જાણે એવો નથી અને પોતે પણ બીજાને અનુમાનથી જણાય તેવો નથી. આત્મા એ છે કે જે પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય તેવો છે.

परकौ मानैं आतमा करै करमको बंध। આત્મા પરને મારા માનીને કર્મ એટલે મિથ્યાત્વનો બંધ કરે છે. ઊંધે રસ્તે ચાલે છે અને માને છે કે અમે સવળે રસ્તે ચાલીએ છીએ. તેની દિશા ક્યારે ફરે?

झूठी करणी आचरे........આત્માના જ્ઞાન વિના, અંતર અનુભવ વિના, સ્વના શરણ વિના મુનિપણું લઈ લે ને મહાવ્રત પાળે, બાર વ્રત, તપ આદિ આચરે અને પોતાને જ્ઞાની માને એની ક્રિયા બધી જૂઠી છે. અર્થમાં છે ને! આત્મજ્ઞાન વિના તેનું તપાચરણ મિથ્યા છે. એ મોક્ષ માટે તપસ્યા કરે છે પણ ઊંડે ઊંડે જેને પુણ્યનો પ્રેમ છે તેને ઈન્દ્રિયસુખની જ આશા છે. પુણ્યના ભાવનો જેને પ્રેમ છે તેને પુણ્યના ફળ એવા ઈન્દ્રિયસુખનો જ પ્રેમ છે. અતીન્દ્રિય આત્માની તેને રુચિ નથી. ભોગ માટે જ એ પુણ્યને કરે છે. બંધ અધિકારમાં આવે છે કે એણે જે સુખને ભાવ્યું છે તેની જ એને ભાવના છે. અતીન્દ્રિય સુખનો એને અનુભવ જ નથી તેથી તેની ભાવના થતી નથી. જેને પુણ્યની રુચિ છે

તેને જડની જ રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી.

આત્માનું સ્વરૂપ અનેકાંતમય છે. એક માણસ અન્યધર્મી હતો તેણે આ અનેકાંત-સ્વરૂપ સમજીને જૈનધર્મ અંગીકાર કર્યો તેથી તેને તેના મતના માણસો વ્યંગ કરે છે કે આણે બાપ-દાદાનો ધર્મ છોડીને સપ્ત ભંગીયાનો સંગ કર્યો! ત્યારે આ જવાબ આપે છે કે બાપ-દાદાના ધર્મમાં મેં એટલો કચરો ભેગો કર્યો હતો કે તેનો નિકાલ એક ભંગી વડે થાય તેમ ન હતો તેથી સપ્તભંગીની આવશ્યકતા પડી છે. સન્મતિસંદેશમાં આ વાત આવી છે. બીજું પણ દૃષ્ટાંત આવ્યું છે કે એક માણસ મરણપથારીએ પડ્યો છે તે પોતાના ત્રણેય દીકરાને પોતાની પાસે બેઠેલાં જોઈને કહે છે કે મોટો, નાનો, મજલો (વચલો) ત્રણેય તમે અહીં છો તો દુકાન કોણ ખોલશે? મરણ સમયે પણ એને દુકાનની પડી હતી! જુઓ આ જીવની દશા! (પછી ગુરુદેવશ્રીએ સન્મતિસંદેશમાંથી આ સપ્તભંગીનું દૃષ્ટાંત વાંચી સંભળાવ્યું.) તમારા સંપ્રદાયમાં રહીને મિથ્યાત્વનો એટલો બધો કચરો ભેગો થઈ ગયો છે કે તેને કાઢવા માટે એક-બે ભંગીથી ચાલે તેવું નથી.

એક સંપ્રદાયના સાધુએ ડોશીમાને વ્યંગ કર્યો કે માજી! તમારે રત્નપ્રભા જવું છે ને! (પહેલી નરકનું નામ રત્નપ્રભા છે) ત્યારે માજી કહે છે અરે મહારાજ! અમારા જેવા પામર રત્નપ્રભા ક્યાંથી જાય! આપ જેવા જાય. એને એમ કે રત્નપ્રભા એટલે કોઈ ઊંચું સ્થાન હશે!

સંપ્રદાય છોડીને કોઈ બીજો ધર્મ અંગીકાર કરે એટલે સંપ્રદાયવાળા એમ કહે કે અરે! એક ભવમાં બે બાપ કર્યા! અરે ભાઈ! બાપ તો એક જ હોય.

ચિદાનંદ ભગવાન આત્મા એક જ એની દૃષ્ટિનો પિતા છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ એની પ્રજા છે અને ત્રિકાળી આત્મા પિતા છે. શુભરાગ એ આત્માની પ્રજા નથી અને આત્મા શુભરાગનો પિતા નથી.

झूठी भगति हिए धरे, झूंटे प्रभुको दास.......મિથ્યાદૃષ્ટિ રાગનો દાસ છે અને પોતાને પ્રભુનો દાસ ઠરાવે છે માટે જૂઠો છે. આ મોક્ષ-અધિકાર છે ને! મોક્ષમાર્ગમાં રાગ બિલકુલ કારણ નથી. રાગ તો વિઘ્ન કરનાર છે. માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે. પ્રભુ પણ એમ કહે છે કે તારું સ્વરૂપ રાગરહિત છે તેનું અનુભવન કર તો તારો મોક્ષ થશે. છતાં આ એમ માને કે રાગ કંઈક તો મદદ કરશે એમ કરીને રાગને સેવે છે તે પ્રભુનો કે પ્રભુની આજ્ઞાનો પણ તે દાસ નથી.

હવે આગળ ૨૮ મા પદ્યમાં પણ બનારસીદાસજી મિથ્યાત્વની વિપરીત પ્રવૃત્તિને ખુલ્લી કરશે કે મિથ્યાદૃષ્ટિ જડ માટી એવા સોના-ચાંદીને પોતાની સંપત્તિ માને છે અને કર્મને તો અમૃત માને છે અને જે ખરેખર અમૃત છે એવા જ્ઞાનને ઝેર માને છે. આવી અજ્ઞાનીની વિપરીત ચાલને આગળ કહેવાશે. વિશેષ.......

(ક્રમશઃ)

❀ ભગવાન આત્મા જીવ છે, એ જીવ, જે છ દ્રવ્યોં વ્યક્ત છે તેનાથી અન્ય છે. છ દ્રવ્યોમાં દ્રવ્ય-ગુણ તો કાયમી છે પણ જે નવી નવી પર્યાય થાય છે તે વિકૃત હો કે અવિકૃત હો પણ તે પોતાના ષટ્કારકથી થાય છે, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય એ બધા વ્યવહારના કથન છે. કેવળજ્ઞાનની પર્યાય હો કે નિગોદની પર્યાય હો પણ તે પર્યાય પોતામાં પોતાથી પોતાના કારણે છે. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દ્રવ્યોની પર્યાય પણ આવી ગઈ, દ્રવ્ય-ગુણ ને પર્યાય આવી ગયા. દ્રવ્ય-ગુણ તો પોતાને કારણે છે પણ વિકારી કે અવિકારી પર્યાય પણ કોઈના આલંબન વિના પ્રત્યેક સમયે પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. છ દ્રવ્યસ્વરૂપ લોકનું એવું સ્વરૂપ છે તે જ્ઞેય છે અને જ્ઞેય છે તેનો આત્મા જ્ઞાયક છે. પરંતુ જ્ઞાયક આત્મા તેનો કર્તા નથી, જાણનાર આત્મા પરચીજનો કર્તા નથી, પરચીજ તો જ્ઞેય છે.

❀ એકક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્ગલ પર્યાયનો જ્ઞાતા જ છું—આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી એ ભવભ્રમણના નાશનું કારણ છે.

*—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

[ તા. ૧૦-૭-૨૦૦૫ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી 'નાટક સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**રક્ષાબંધનપર્વ :**—શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૯-૮-૨૦૦૫, શુક્રવારના દિવસે પૂજા-ભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

❀ ❀ ❀

## જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ

'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૨-૯-૨૦૦૫, શુક્રવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-સરસ્વતી પુત્ર, સમયસારાદિ પંચપરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૯૮મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

❀ ❀ ❀

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૨મી જન્મજયંતી (તા. ૧૭-૮-૨૦૦૫ થી તા. ૨૧-૮-૨૦૦૫)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૧૪-૮-૨૦૦૫, રવિવારથી તા. ૨-૯-૨૦૦૫, શુક્રવાર—વીસ દિવસનો જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિ:શુલ્ક રાખેલ છે. પોતાનો બિસ્તરો તથા અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા-પાઠ્ય પુસ્તક–પોતાની પાસે હોય તો અવશ્ય સાથે લાવવા વિનંતી.

## અમેરિકામાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૧૬મી જન્મજયંતી તથા ત્રણ દિવસની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

અમેરિકામાં સ્થિત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તગણે, તત્રસ્થ 'જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ' સંસ્થાના માધ્યમથી મેરીલેન્ડ રાજ્યના કોલેજ-પાર્ક શહેરમાં તા. ૨૭ થી ૩૦ મે ૨૦૦૫ દરમ્યાન પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૬મી જન્મજયંતી તથા ત્રણ દિવસની આધ્યાત્મિક શિબિર ભવ્યતાથી તથા આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થયેલ. શિબિરના મુખ્ય વક્તા / સંચાલક તરીકે સોનગઢ ટ્રસ્ટે રાજકોટના વિદ્વાન સ્કોલર શ્રી રાજેન્દ્ર કામદારને મોકલેલ. આશરે સો થી વધુ મુમુક્ષુઓએ અમેરિકાના દૂર દૂરના સ્થળોએથી આવી ઉત્સાહભેર લાભ લીધેલ.

આ શિબિરમાં કીરીટભાઈ ગોસલીયા, રજનીભાઈ ગોસલીયા, નિતીનભાઈ ભીમાણી, દિનેશભાઈ વોરાએ પણ અલગ અલગ વિષયો પર રજૂઆત કરતા શ્રોતાઓ પ્રભાવિત થયેલ. ગુરુદેવ-વધામણા, ગુરુ-ભક્તિ, પુસ્તક વેચાણ, બાળકોનો અંગ્રેજીમાં સંવાદ, પૂજ્ય ગુરુદેવના જીવનપર નાનકડી બાલિકા કીંજલનું અંગ્રેજીમાં વાંચન રસપ્રદ હતું.

આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અમેરિકાની સંસ્થાના સેક્રેટરી શ્રી હસમુખભાઈ મગનલાલ શાહે કરેલ. જેમાં જ્યોત્સનાબેન શાહ તથા રંજનબેન શાહનો સહયોગ પ્રાપ્ત થયેલ.

## વૈરાગ્ય–સમાચાર :—

દાદર (મુંબઈ)નિવાસી શ્રી ભૂપેન્દ્રભાઈ કાળીદાસ કામદાર (વર્ષ–૬૭) તા. ૧૦-૩-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પિતાશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હોઈને, તેઓ બાળપણથી જ ધાર્મિક સંસ્કાર પામ્યા હતા; તેઓએ આત્મજાગૃતિ અને ધર્મભાવનાપૂર્વક દેહ છોડ્યો હતો.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ–દાદર) શ્રી જયંતીલાલ ધનજીભાઈ દોશી તા. ૩૦-૪-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ હંમેશા તત્ત્વપ્રચારના કાર્યોમાં અત્યંત ઉત્સાહિત રહ્યા હતા.

વઢવાણનિવાસી (હાલ–અમદાવાદ) શ્રી રમેશચંદ્ર મફતલાલ કામદાર (વર્ષ-૭૩) તા. ૧૨-૬-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વિદ્યાર્થીવયમાં સોનગઢના ધાર્મિક શિક્ષણોનો ઘણો લાભ હતો. તેમને તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા ઘણી હતી.

કલકત્તાનિવાસી સ્વ. શ્રી કપૂરચંદભાઈ વોરાના પુત્રવધૂ શ્રી કુસુમબેન ગુણવંતભાઈ વોરા (વર્ષ–૬૬) તા. ૧૪-૬-૦૫ના રોજ અત્યંત શાંતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી. સાધર્મીવાત્સલ્યતા પણ ઘણી હતી. લાંબી બિમારી દરમ્યાન વિશેષ સ્વાધ્યાયનો યોગ બન્યો હતો.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી પાર્થિવ હિતેનભાઈ શાહ (વર્ષ–૧૭) તા. ૧૬-૬-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છ માસની બ્લડ કેન્સરની બિમારીમાં છેલ્લા એક માસની દર્દની તીવ્ર પીડા વખતે પણ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવનાશક તત્ત્વબોધનું નિયમિત આલંબન રહ્યું હતું.

વઢવાણનિવાસી (હાલ–સોનગઢ) શ્રી પ્રેમચંદભાઈ ઉજમશી શાહ (—તે શ્રી ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મોટાભાઈ શ્રી વજુભાઈના જમાઈ) (વર્ષ–૮૨) તા. ૪-૬-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી સ્થાયી સોનગઢ રહીને સત્‌સંગનો લાભ લીધો હતો. સાધર્મીવાત્સલ્યભાવના કારણે તેઓ સંસ્થાને તેમજ મુમુક્ષુઓને પોતાની વિવિધ સેવા આપતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

❀

શ્રી અમદાવાદ (ખાડીયા) તથા અમદાવાદના સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# ૯૨મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતાં રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને કારણે તેઓની ૯૨મી જન્મજયંતી આ વર્ષે શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ (ખાડીયા) તથા અમદાવાદના સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૨મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૭-૮-૨૦૦૫, બુધવાર થી તા. ૨૧-૮-૨૦૦૫, રવિવાર–પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમયુક્ત સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદકરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૧૪-૮-૨૦૦૫ થી તા. ૨-૯-૨૦૦૫—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ–ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૨૨-૭-૨૦૦૫ના રોજ રાખેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

❀ શ્રોતા :-સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

પૂજ્ય ગુરુદેવ :—અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એનાં નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. સમયસાર ગાથા૩૦૮-૩૧૧મા જીવ અજીવનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું છે, પણ ખરેખર તો જીવદ્રવ્ય છે એ એની પર્યાયનો પણ કર્તા નથી, કેમકે દ્રવ્યસ્વભાવ જ્યારે દૃષ્ટિમાં બેઠો એટલે બસ! બધું આવી ગયું.

દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે તેના કારણે પર્યાય ઉત્પન્ન થશે; થાય છે તેને કરવું છે ક્યાં? અને જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે જાતનો રાગાદિ થશે તેને તે પ્રકારે જાણતી તે જ પ્રકારે ક્રમબદ્ધમાં આવશે. તે પર્યાય છે તેનો પણ કર્તા દ્રવ્ય નથી. પર્યાય તે સમયે થશે જ, પર્યાય તે સમયે આવશે જ, તેનો જ્ઞાની કર્તા નથી, પર્યાય જે કાળે થવાની છે તે થાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય છે. જે પરિણમે છે તે કર્તા છે, દ્રવ્ય કાંઈ પરિણમતું નથી માટે કર્તા નથી.

ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે; હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ—દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ! પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો, તે પર્યાયનો સ્વકાળ હતો, તેનો પણ કર્તા નથી કેમકે ભાવશક્તિના કારણે ભવન તો છે; તો છે એને કરવું શું?

આહાહા! દ્રવ્યની સન્મુખ દૃષ્ટિ થઈ પછી જે થવાનું છે તે થાય છે, તેને જાણે છે, એ જાણવાનું કામ સ્વતંત્ર થાય છે. આને જાણવું એવું પણ નથી, ભાવશક્તિ છે તે પર્યાય વિના હોય નહિ. ગુણીને પકડ્યો છે તેણે જે ભવન-પર્યાય હોય છે તેને કરવું છે ક્યાં? થોડી ઝીણી વાત આવી ગઈ છે, આ તો અંદરથી આવે છે. નવું નવું થાય છે તે થવાનું છે તે જ થાય છે, તેને કરવું છે ક્યાં? થાય છે—હોય છે તેને જાણે છે, એ જાણવાની પર્યાય પણ તે કાળે થવાની છે તે થાય છે, કેમકે દરેક ગુણની વર્તમાન પર્યાય ભાવશક્તિના કારણે તે કાળે થાય જ છે. થાય છે તેને કરવું શું? વસ્તુનું સ્વરૂપ એમ જ છે. ૩૬૩.

❀

## ભગવાનના સમવસરણમાં અનંતવાર વાણી સાંભળી આવ્યો પણ આત્માનું જ્ઞાન ન થયું

ભગવાનના સમવસરણમાં આ જીવ અનંતવાર જઈ આવ્યો અને વાણી સાંભળી આવ્યો પણ તેમાં આત્માનું જ્ઞાન ન થયું કેમ કે એ તો માત્ર શુભરાગ હતો. ત્રિલોકીનાથના સાક્ષાત્ ભેટા કર્યા પણ નિજ ભગવાનના ભેટા ન કર્યા તેને ભગવાનના પણ ભેટા ખરેખર થયા નથી. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે આ જીવે ભવ ભવમાં જિનવરને પૂજ્યા છે, મણિરત્નના દીવડે આરતી ઉતારી છે, કલ્પવૃક્ષના ફૂલથી ભગવાનની પૂજા કરી છે વગેરે ઘણું કર્યું પણ તે બધાં શુભભાવ છે—બહિર્મુખભાવ છે, તેનાથી આત્માનો અંતરમુખભાવ થતો નથી.

*—કરુણાસાગર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*
*(શ્રી નાટક સમયસાર, પ્રવચન નં. ૬૩માંથી)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5250